| કુલ ગુણ | 100 |
|---|---|

# P-3

પરીક્ષાર્થીનો:
બેઠક ક્રમાંક

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |

પરીક્ષાનો બ્લૉક નંબર :

પરીક્ષાર્થીની સહી........ બ્લૉક સુપરવાઇઝરની સહી : ................

**તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહી**

પરીક્ષાર્થીને સૂચના :

(1) આ કસોટીપત્રમાં કુલ 100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઇ એક છે દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.
ઉદાહરણ તરીકે :
ગુજરાતનું પાટનગર કયું છે ?
(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) બડનગર (D) પાટણ
જવાબવહી (Answer Sheet) માં
(A) (B) (C) (D)
ઉપર્યુક્ત ઉદાહરણમાં જવાબ "B" છે આથી "B નું વર્તુળ કાળું" (encode) કરેલ છે. ઉમેદવારોએ જવાબમાં "ગાંધીનગર" લખવું નહીં.

(2) પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન પરીક્ષાર્થીએ પરીક્ષાખંડ છોડવાની મનાઇ છે.

(3) પ્રશ્નપત્ર પરીક્ષાર્થીને મળે તરત જ ઉત્તરપત્ર (Answer Sheet) માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાને રહેશે.

(4) પ્રત્યેક સાચા જવાબદીઠ (1) એક ગુણ મળવાપાત્ર થશે છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબના ગુણ મળવાપાત્ર નથી માઇનસ માર્કીંગ સિસ્ટમ નથી. (No negative marking system)

(5) ઉત્તરપત્ર (OMR Sheet) માં બ્લોક સુપરવાઇજરની સહી લેવી આવશ્યક છે બ્લોક સુપરવાઇજરની સહી વગરનું ઉત્તરપત્ર (OMR Sheet) તપાસવામાં આવશે નહી.

(6) ઉત્તરપત્ર (OMR Sheet) માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઇ પણ પ્રકારની નિશાની કરવાનો સખ્ત મનાઇ છે તેમ છતા પણ કોઇ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(7) ઉત્તરપત્ર (OMR Sheet) ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇજર બનેની સહી ફરજીયાત છે અને સહી વિનાના ઉત્તરપત્ર (OMR Sheet) વાળા પરીક્ષાર્થી ગેરલાયક ઠરશે.

(8) પરીક્ષા દરમ્યાન પરીક્ષાર્થી પાસેથી કોઇ પણ સાહિત્ય ગાઇડ, અન્ય સ્લીપો, કાપલી, માર્ગદર્શિકા, હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, કેલક્યુલેટર કે અન્ય વીજાણુ ઉપકરણો, પેજર, મોબાઇલ ફોન હોવાનુ જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે.

(9) પ્રશ્નપત્રમાં આપેલ વિકલ્પોમાં કોઇપણ પ્રકારની નિશાની કરવી નહી.

(10) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.

(11) ઉમેદવારે વાદળી/કાળી બોલપાઇન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકશે નહી બ્લેક કે રબ્બરથી કે અન્ય કોઇ પણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહી.

પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR Sheet) બ્લોક સુપરવાઇજરને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગનાં પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.

(1) જિલ્લા સ્કૂલબોર્ડમાં નોકરો નીમવાની સત્તા કોણ ધરાવે છે ?

(A) વહીવટી અધિકારી
(B) સ્કૂલબોર્ડના અધ્યક્ષ
(C) ઉપાધ્યક્ષ
(D) મદદનીશ વહીવટી અધિકારી

(2) પંચાયત ગામમાં ગામશાળા સમિતિ કેટલા સભ્યોની બનેલી હોય છે ?

(A) 10 સભ્યો
(B) 6 સભ્યો
(C) 7 સભ્યો
(D) 3 થી 5 સભ્યો

(3) મ્યૂનિસિપલ સ્કૂલબોર્ડના તમામ સભ્યોને ખાસ બેઠક માટે કેટલા દિવસની નોટિસ આપવી જોઈએ ?

(A) પાંચ દિવસ
(B) ત્રણ દિવસ
(C) સાત દિવસ
(D) દસ દિવસ

(4) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો-1949 મુજબ વર્ગમાં દાખલ કરેલ વિદ્યાર્થિઓ માટે વિદ્યાર્થી દીઠ કેટલી જગ્યા જરૂરી છે ?

(A) આઠ ચોરસ ફૂટ
(B) છ ચોરસ ફૂટ
(C) દસ ચોરસ ફૂટ
(D) બાર ચોરસ ફૂટ

(5) સ્કૂલબોર્ડના તમામ નોકરોની સર્વિસબુકો અદ્યતન રાખવા અને નોકરોની રજાનો હિસાબ રાખવા માટે જવાબદાર .......

(A) ઓફિસ સુપરિટેન્ડેન્ટ
(B) મુખ્ય કારકુન
(C) વહીવટી અધિકારી
(D) સ્કૂલબોર્ડના હિસાબનીશ

(6) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો-1949 ની કઈ કલમ હેઠળ શિક્ષણ નિરીક્ષકની સત્તા અને ફરજો નિયત થયેલ છે ?

(A) કલમ-169
(B) કલમ-168
(C) કલમ-167
(D) કલમ-170

(7) જિલ્લા સ્કૂલબોર્ડના તમામ સભ્યોને સ્કૂલબોર્ડની સામાન્ય બેઠક માટે કેટલા દિવસની નોટિસ આપવી પડે ?

(A) પાંચ દિવસ
(B) દસ દિવસ
(C) ત્રણ દિવસ
(D) છ દિવસ

(8) સ્કૂલબોર્ડના સભ્યોની સંખ્યા ચૌદ કરતાં વધુ હોય તે સ્કૂલબોર્ડના કોરમ માટે કેટલા સભ્યો જોઈએ ?

(A) પાંચ
(B) ચાર
(C) ત્રણ
(D) બે

(9) બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-2009 મુજબ ધોરણ 6 થી 8 ના બાળકો માટે કેટલા કિ.મી. અંતરની અંદર શાળા હોવી જોઈએ ?

(A) 3 કિ.મી.
(B) 2 કિ.મી.
(C) 1 કિ.મી.
(D) 5 કિ.મી.

(10) પ્રારંભિક શિક્ષણની પૂર્વતૈયારી રૂપ પ્રવૃત્તિઓ કરતી કોઈપણ સંસ્થા અને તેમાં નર્સરી, કીન્ડરગાર્ટન અથવા બીજા કોઈ નામે જાણીતા જૂથોનો સમાવેશ થતો હોય તેવી શાળા એટલે .......

(A) ઉચ્ચ પ્રાથમિક શાળા
(B) નિમ્ન પ્રાથમિક શાળા
(C) પૂર્વ શાળા
(D) માધ્યમિક શાળા

(11) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો-1949 મુજબ દરેક વર્ગમાં વધુમાં વધુ કેટલી સંખ્યાની મર્યાદામાં વિદ્યાર્થીને પ્રવેશ આપી શકાય ?

(A) 45
(B) 30
(C) 35
(D) 60

(12) મદદનીશ શિક્ષણ નિરીક્ષકને હાજરીમાંથી માફી આપવાની સત્તા કેટલા દિવસની છે ?

(A) 20 દિવસ
(B) 30 દિવસ
(C) 7 દિવસ
(D) 15 દિવસ

(13) મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-2009 ની કઈ કલમ હેઠળ બાળકને શારીરિક શિક્ષા અને માનસિક કનડગત કરવા પર પ્રતિબંધ છે ?

(A) કલમ-14
(B) કલમ-15
(C) કલમ-17
(D) કલમ-13

(14) જિલ્લા સ્કૂલબોર્ડના સભ્યોની લેખિત વિનંતી મળ્યા પછી અધ્યક્ષે કેટલા દિવસમાં ખાસ બેઠક બોલાવવી પડે ?

(A) 10 દિવસ સુધીમાં
(B) 15 દિવસ સુધીમાં
(C) 30 દિવસ સુધીમાં
(D) 20 દિવસ સુધીમાં

(15) ધોરણ 1 થી 5 માં દાખલ કરેલ સંખ્યા 75 હોય તો RTE-2009 મુજબ કેટલા શિક્ષક મળવાપાત્ર થાય ?

(A) ચાર
(B) બે
(C) ત્રણ
(D) પાંચ

(16) કેટલી ઉંમર સુધીના બાળકને મફત અને ફરજિયાત શિક્ષણ મેળવવાનો હક છે ?

(A) છ થી ચૌદ વર્ષ
(B) પાંચ થી તેર વર્ષ
(C) છ થી અઢાર વર્ષ
(D) માત્ર છ વર્ષના

(17) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો-1949 ની કઈ કલમ હેઠળ શિક્ષકોનું હાજરી પત્રક રાખવાની જોગવાઈ થયેલ છે ?

(A) કલમ-25
(B) કલમ-136
(C) કલમ-129
(D) કલમ-131

(18) શાળામાં હાજર રહેવા લાયક બાળક શાળામાં હાજર ન રહે તો મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો-1949 ની કઈ કલમથી પિતા અથવા માતા સામે ફરિયાદ દાખલ કરવાની જોગવાઈ છે ?

(A) કલમ-97
(B) કલમ-95
(C) કલમ-98
(D) કલમ-96

(19) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-1947 મુજબ દરેક સ્કૂલબોર્ડ કેટલા સભ્યોનું બનેલું હોય છે ?

(A) 12 થી 16
(B) 8 થી 10
(C) 10 થી 15
(D) 5 થી 10

(20) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો-1949 ના નિયમ 126 મુજબ ધોરણ 3 થી 5 ના વિદ્યાર્થીઓને કેટલું ગૃહકાર્ય આપી શકાય ?

(A) બે કલાકનું
(B) એક કલાકનું
(C) અડધા કલાકનું
(D) આપી શકાય નહિ

(21) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-1947 મુજબ સ્કૂલબોર્ડમાં રાજ્ય સરકાર કેટલા સભ્યોની નિમણુંક કરે ?

(A) 5 થી 6
(B) 2 થી 3
(C) 3 થી 4
(D) એકજ

(22) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-1947 હેઠળ રચાયેલ પ્રાથમિક શિક્ષણ બોર્ડના સભ્યોની મુદત કેટલા વર્ષની હોય છે ?

(A) ત્રણ વર્ષ
(B) પાંચ વર્ષ
(C) છ વર્ષ
(D) બે વર્ષ

(23) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-1947 માં કલમ-43 માં કઈ બાબતનો સમાવેશ થાય છે ?

(A) સરકારે ફાળો આપવા બાબત
(B) જિલ્લા સ્કૂલબોર્ડનું અંદાજપત્ર
(C) પ્રાથમિક શિક્ષણ ફંડનો ઉપયોગ
(D) પ્રોવિડન્ટ ફંડ

(24) મ્યુનિસિપલ સ્કૂલબોર્ડની સત્તા ફરજો અને કાર્યો મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-1947 ની કઈ કલમથી નિયત થયેલ છે ?

(A) કલમ-7
(B) કલમ-10
(C) કલમ-19
(D) કલમ-18

(25) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-1947 ની કલમ-46 માં નીચેની કઈ બાબતનો સમાવેશ થયેલ છે ?

(A) ટ્રીબ્યુનલ
(B) નિયમો કરવાની
(C) પ્રાથમિક શિક્ષણ ફંડ અનામત મૂકવા
(D) જિલ્લા સ્કૂલ બોર્ડનું અંદાજપત્ર

(26) જિલ્લા સ્કૂલ બોર્ડમાં વહીવટી અધિકારીઓ સુપરવાઈઝરો, નિરીક્ષણ અધિકારીઓ, કારકુનો, પ્રાથમિક શાળાના શિક્ષકોના સ્ટાફને નિભાવવા અંગેની જોગવાઈ કઈ કલમમાં કરવામાં આવેલ છે ?

(A) કલમ-20 (1)
(B) કલમ-21 (1)
(C) કલમ-24 (1)
(D) કલમ-23 (1)

(27) જિલ્લા અને મ્યુનિસિપલ સ્કૂલબોર્ડમાં ચૂંટાવા માટે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારની લઘુત્તમ લાયકાત શું હોવી જોઈએ ?

(A) ધોરણ-4 પાસ
(B) ધોરણ-7 પાસ
(C) ધોરણ-10 પાસ
(D) ધોરણ-12 પાસ

(28) "દરેક સ્કૂલબોર્ડ માટે એક વહીવટી અધિકારી રહેશે જે બોર્ડનો મુખ્ય કારોબારી અધિકારી હશે" પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-1947 ની કઈ કલમ હેઠળ આવી જોગવાઈ છે ?

(A) 23 (2)
(B) 24 (1)
(C) 20 (1)
(D) 21 (1)

(29) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો-1949 ની કલમ-89 મુજબ માન્ય શાળા અને બાળકના રહેઠાણની જગા વચ્ચેનું અંતર વધુમાં વધુ કેટલું હોવુ જોઈએ ?

(A) બે માઇલ
(B) એક માઇલ
(C) ત્રણ માઇલ
(D) A, B, C પૈકી એકપણ નહિ

(30) સ્કૂલબોર્ડના અધ્યક્ષની ફરજો અને તેના કાર્યો મુંબઈ પ્રાથમિક નિયમ-1949 ની કઈ કલમથી નિયત થયેલ છે ?

(A) કલમ-44
(B) કલમ-46
(C) કલમ-49
(D) કલમ-48

(31) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972 હેઠળ બોર્ડની ખાસ બેઠક કોણ બોલાવી શકે ?

(A) નાયબ અધ્યક્ષ
(B) અધ્યક્ષ
(C) સચિવ
(D) મદદનીશ સચિવ

(32) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972 ની કઈ કલમ હેઠળ રાજ્યસરકાર બોર્ડને આદેશ આપવાની સત્તા ધરાવે છે ?

(A) કલમ-48
(B) કલમ-47
(C) કલમ-51
(D) A, B, C પૈકી એકપણ નહિ

(33) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક બમશ/1117/1074/ગ થી વિકલ્પોવાળી શાળાઓને વર્ષ 2017-18 થી ધોરણ-9 ની કેટલી માસિક ફી નિયત થયેલ છે ?

(A) 80 ₹
(B) 70 ₹
(C) 60 ₹
(D) 95 ₹

(34) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972 ની કલમ 44 (1) ની જોગવાઈનું ઉલ્લંઘન કરવા બદલ શું શિક્ષાની જોગવાઈ છે ?

(A) 1000 ₹ દંડ
(B) 500 ₹ દંડ
(C) 250 ₹ દંડ
(D) છ માસ કેદ

(35) રજીસ્ટર થયેલ માધ્યમિક શાળાના આચાર્ય, શિક્ષક કે બિન શૈક્ષણિક સ્ટાફની સામે સંચાલકશ્રીએ લેવા ધારેલા પગલાંની દરખાસ્ત અધિકૃત અધિકારીને મળ્યાની તારીખથી કેટલા દિવસમાં નિર્ણય કરી જાણ કરવાની હોય છે ?

(A) 30 દિવસ
(B) 45 દિવસ
(C) 15 દિવસ
(D) 10 દિવસ

(36) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષ, નાયબ અધ્યક્ષ, સભ્યો અધિકારીઓ અને કર્મચારીઓ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972 ની કઈ કલમથી રાજ્યસેવકો ગણાય છે ?

(A) કલમ-51　　(B) કલમ-52

(C) કલમ-46　　(D) કલમ-49

(37) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972 ની કઈ કલમથી બોર્ડના વાર્ષિક હિસાબ અને ઓડિટ સરકારને રજૂ કરવાની જોગવાઈ છે ?

(A) કલમ-29　　(B) કલમ-28

(C) કલમ-27　　(D) કલમ-30

(38) રજીસ્ટર થયેલી ખાનગી માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો વહીવટ રાજ્ય સરકાર પોતાના હસ્તક વધુમાં વધુ કેટલા વર્ષ સુધી લઈ શકે ?

(A) પાંચ વર્ષ　　(B) ત્રણ વર્ષ

(C) દસ વર્ષ　　(D) છ વર્ષ

(39) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણબોર્ડની રચનામાં વર્ગ-ખ માં ચૂંટાયેલા સભ્યોમાં ગુજરાત વિધાનસભાએ પોતાના સભ્યોમાંથી ચૂંટેલા કેટલા સભ્યોનું પ્રતિનિધિત્વ હોય છે ?

(A) ત્રણ　　(B) બે

(C) એક　　(D) પાંચ

(40) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડની બેઠક દર વર્ષે ઓછામાં ઓછી કેટલી વાર મળવી જોઈએ ?

(A) ચાર　　(B) બે

(C) ત્રણ　　(D) પાંચ

(41) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972 ની કલમ 35 કઈ વિગત દર્શાવે છે ?

(A) રજીસ્ટર અદ્યતન રાખવા બાબત　　(B) કરારો રદબાતલ ગણવા બાબત

(C) નિમણુંક સામે પ્રતિબંધ બાબત　　(D) શિક્ષકો અને આચાર્યોની પસંદગી બાબત

(42) હોદ્દાની રૂ એ બોર્ડનો સભ્ય ન હોય તેવો કોઈ સભ્ય પોતાના હોદ્દાનું રાજીનામું કોને આપી શકે ?

(A) બોર્ડના સચિવ　　(B) નાયબ અધ્યક્ષ

(C) અધ્યક્ષ　　(D) શિક્ષણ વિભાગના અગ્રસચિવ

(43) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972 હેઠળ "કોઈપણ વ્યક્તિ કે જે કલમ 31 ની પેટા કલમ-1 નો ભંગ કરે તેમાં દોષિત થયેથી રૂપિયા એકલાખ થી ઓછી નહિ અને રૂપિયા બે લાખ સુધી વધારી શકાય તેટલો દંડ કરી શકાશે" આવી જોગવાઈ કઈ કલમ હેઠળ થયેલ છે ?

(A) કલમ-43 (4)　　(B) કલમ-42

(C) કલમ-31　　(D) કલમ-31 (2)

(44) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972 ની કઈ કલમથી બોર્ડને વિનિયમો કરવાની સત્તા મળેલ છે ?

(A) કલમ-53 (B) કલમ-56
(C) કલમ-43 (D) કલમ-31

(45) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં હોદ્દાની રૂ એ ના સભ્યો અને નામ નિયુક્ત થયેલ સભ્યો સિવાયના સભ્યોના હોદ્દાની મુદત રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવે તે તારીખથી કેટલા વર્ષ સુધીની હોય છે ?

(A) ત્રણ વર્ષ (B) પાંચ વર્ષ
(C) એક વર્ષ (D) બે વર્ષ

(46) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972 ની કઈ કલમથી રાજ્ય સરકાર બોર્ડનું વિસર્જન કરવાની સત્તા ધરાવે છે ?

(A) કલમ-48 (B) કલમ-49
(C) કલમ-51 (D) કલમ-46

(47) નીચેના પૈકી કોનો સમાવેશ બોર્ડના નામ નિયુક્ત કરેલ સભ્યોમાં થાય છે ?

(A) ઉચ્ચ શિક્ષણ કમિશ્નર (B) વિજ્ઞાન ક્ષેત્રે જ્ઞાન ધરાવનાર
(C) પ્રાથમિક શિક્ષણ નિયામક (D) અધ્યક્ષ, ટેકનિકલ પરીક્ષા બોર્ડ

(48) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વર્ગ-ખ ના ચૂંટાયેલ સભ્યોમાં ઉત્તર બુનિયાદી શાળાઓ સિવાયની રજિસ્ટર થયેલી શાળાઓના આચાર્યોની સભ્ય સંખ્યા કેટલી હોય છે ?

(A) ત્રણ (B) એક
(C) ચાર (D) પાંચ

(49) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972 માં બોર્ડની બેઠકમાં અધ્યક્ષની પરવાનગી વિના લાગલાગટ કેટલી બેઠકમાં ગેરહાજર રહેનાર સભ્યનો હોદ્દો ખાલી પડવાની જોગવાઈ છે ?

(A) બે (B) ત્રણ
(C) ચાર (D) પાંચ

(50) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972 ના કયા અધિનિયમથી બોર્ડની સત્તા અને ફરજો નિયત થયેલ છે ?

(A) અધિનિયમ-16 (B) અધિનિયમ-19
(C) અધિનિયમ-21 (D) અધિનિયમ-17

(51) બોર્ડના અધ્યક્ષ, નાયબ અધ્યક્ષ અને નામનિયુક્ત થયેલ સભ્યોના હોદ્દાની મુદત કેટલી હોય છે ?

(A) ત્રણ વર્ષ (B) બોર્ડના સચિવ નક્કી કરે ત્યાં સુધી
(C) રાજ્યસરકારની મરજી હોય ત્યાં સુધી (D) પાંચ વર્ષ

(52) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવની નિમણુંક કોણ કરે છે ?

(A) બોર્ડના અધ્યક્ષ
(B) રાજ્ય સરકાર
(C) પરીક્ષા સમિતિ
(D) શિક્ષણ વિભાગના ઉપસચિવ

(53) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972 ની કઈ કલમથી રજિસ્ટ્રેશન વિના માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ આપવા સામે પ્રતિબંધની જોગવાઈ થયેલ છે ?

(A) કલમ-31
(B) કલમ-28
(C) કલમ-19
(D) કલમ-32

(54) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972 ની કલમ-43 માં શેની જોગવાઈ થયેલ છે ?

(A) નિમણુંક સામે પ્રતિબંધ
(B) શાળા બંધ કરવા સામે પ્રતિબંધ
(C) અમુક દસ્તાવેજોની વિગતો પ્રગટ કરવા માટેની શિક્ષા
(D) A, B, C પૈકી એકપણ નહિ

(55) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972 માં કઈ કલમ હેઠળ બોર્ડના અધ્યક્ષ, નાયબ અધ્યક્ષ અને સભ્યોને ગેરલાયક ઠેરવવાની જોગવાઈ છે ?

(A) કલમ-9
(B) કલમ-10
(C) કલમ-8
(D) A, B, C પૈકી એકપણ નહિ

(56) ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના કોષાધ્યક્ષ તરીકેની કામગીરી કોણ સંભાળે છે ?

(A) મદદનીશ સેક્રેટરી
(B) અધ્યક્ષ
(C) સેક્રેટરી
(D) નાયબ અધ્યક્ષ

(57) બીજા પરીક્ષકોએ મૂલ્યાંકન કરેલાં પ્રશ્નપત્રોનું નિયમન કરવા નિમવામાં આવ્યા હોય તેને ....... કહે છે.

(A) નિરીક્ષક
(B) પરીક્ષા સંચાલક
(C) પરીક્ષક
(D) મોડરેટર

(58) "ઉમેદવાર 18 વર્ષથી વધારે ઉંમરનો હોય તેવા કોઈ ખાનગી ઉમેદવારને સંબંધિત ધોરણ માટે ઠરાવેલી એક મહિનાની ફી ભર્યે, રજીસ્ટર થયેલી ઉચ્ચ શાળાના કોઈપણ ધોરણની શાળા પરીક્ષામાં બેસવાની પરવાનગી આપવી જોઈએ" ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનયમ-1974 ની કયા વિનિયમ હેઠળ આવી જોગવાઈ થયેલ છે ?

(A) વિનિયમ-12 (ખ)
(B) વિનિયમ-16
(C) વિનિયમ-14 (ક)
(D) વિનિયમ-12 (ક)

(59) ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ-1974 ના 30 (2)(ક) મુજબ અપવાદરૂપ સંજોગો સિવાય પરચુરણ રજા એક સાથે વધુમાં વધુ કેટલા દિવસ ભોગવી શકાય ?

(A) ચાર
(B) ત્રણ
(C) પાંચ
(D) સાત

(60) "અધિકારીની લેખિત પૂર્વમંજૂરી મેળવ્યા વિના શાળા રજિસ્ટરમાંની નોંધોમાં કઈપણ ફેરફાર કરી શકાશે નહિ" ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ-1974 ના કયા અધિનિયમમાં આ મુજબની જોગવાઈ થયેલ છે ?

(A) વિનિયમ નં. 12 (ક)
(B) વિનિયમ નં. 11
(C) વિનિયમ નં. 10
(D) વિનિયમ નં. 9 (ક)

(61) જન્મતારીખમાં સૂચિત ફેરફારના સમર્થનમાં નીચેના પૈકી કયો પુરાવો અયોગ્ય છે ?

(A) જન્મરજિસ્ટરમાંથી પ્રમાણિત ઉતારો
(B) આવકનો દાખલો
(C) રસી મુકાવ્યાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ
(D) મા, બાપ અથવા વાલીએ, વૈતનિક મેજિસ્ટ્રેટ સમક્ષ કરેલ સોગંદનામું

(62) ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ 1974 માં થયેલ જોગવાઈ મુજબ પરાવાળાએ શાળા શરૂ થવાના કેટલા સમય પહેલાં ફરજ પર હાજર રહેવાની જોગવાઈ છે ?

(A) એક કલાક
(B) બે કલાક
(C) અડધો કલાક
(D) 10 મિનિટ

(63) ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ 1974 માં થયેલ જોગવાઈ મુજબ શાળાના સમયપત્રકમાં શિક્ષકને શૈક્ષણિક કામ માટે કેટલા કલાક ની જોગવાઈ છે ?

(A) 30 કલાક
(B) 26 કલાક
(C) 21 કલાક
(D) 27 કલાક

(64) ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ 1974 માં કઈ કલમથી માધ્યમિક શાળાઓનું રજીસ્ટ્રેશન કરવાની કાર્યરીતિ નક્કી થયેલ છે ?

(A) કલમ-9
(B) કલમ-8
(C) કલમ-10
(D) કલમ-6

(65) રજીસ્ટર થયેલ માધ્યમિક શાળાના સંચાલકે શાળામાં અગિયારમું ધોરણ અથવા ચાલુ ધોરણના કોઈપણ વધારાના વર્ગ શરૂ કરવા કોની પરવાનગી મેળવવી જરૂરી છે ?

(A) બોર્ડ અધ્યક્ષ
(B) બોર્ડ સેક્રેટરી
(C) કમિશ્નર
(D) પરીક્ષા સમિતિ

(66) ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ-1974 માં થયેલ જોગવાઈ મુજબ પૂર્ણકાલીન શિક્ષકે દરરોજનો વિરામ સમય બાદ કરતાં અઠવાડીયાના કેટલા કલાક સુધી શાળાના કામકાજના સમય દરમિયાન શાળાની જગ્યામાં હાજર રહેવું જોઈએ ?

(A) 21 કલાક
(B) 27 કલાક
(C) 26 કલાક
(D) 30 કલાક

(67) ધો-10 ની બોર્ડ તરફથી લેવાયેલ આખરી પરીક્ષામાં નાપાસ થયા બાદ રજીસ્ટર થયેલી શાળામાં અધિકારીની પરવાનગીથી ધોરણ-10 ના પ્રત્યેક વર્ગમાં કેટલી સંખ્યામાં પ્રવેશ આપી શકાય ?

(A) દસ
(B) પાંચ
(C) પંદર
(D) આઠ

(68) બોર્ડમાં ત્રીજા વર્ગના કર્મચારીઓની નિમણુંક કરવાની સત્તા કોણ ધરાવે છે ?

(A) સેક્રેટરી
(B) અધ્યક્ષ
(C) મદદનીશ સેક્રેટરી
(D) ખાસ વહીવટી અધિકારી

(69) બોર્ડની કારોબારી સમિતિની રચનામાં વર્ગ-ખ હેઠળ ચૂંટાયેલ સભ્યોની સંખ્યા કેટલી હોય છે ?

(A) એક
(B) બે
(C) છ
(D) પાંચ

(70) બોર્ડમાં પરીક્ષા કાર્યના હેતુ માટે સુપરવાઈઝરો અને સંચાલકોની યાદી મંજૂર કરવાની સત્તા કોની છે ?

(A) અધ્યક્ષ
(B) મદદનીશ સેક્રેટરી
(C) ખાસ વહીવટી અધિકારી
(D) સેક્રેટરી

(71) પ્રાશ્નિકો, મોડરેટરો અને પરીક્ષકોને વખતોવખત મોકલવાની સૂચનાઓ તૈયાર કરવાનું કામ નીચેના પૈકી કઈ સમિતિ સંભાળે છે ?

(A) પરીક્ષા સમિતિ
(B) કારોબારી સમિતિ
(C) શૈક્ષણિક સમિતિ
(D) નાણાં સમિતિ

(72) બોર્ડની શૈક્ષણિક સમિતિના સભ્યોના હોદ્દાની મુદત કેટલી હોય છે ?

(A) બે વર્ષ
(B) ત્રણ વર્ષ
(C) પાંચ વર્ષ
(D) એક વર્ષ

(73) ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ-1974 માં સર્વિસબુક ના સંદર્ભમાં કયો અધિનિયમ છે ?

(A) અધિનિયમ-24
(B) અધિનિયમ-23
(C) અધિનિયમ-26
(D) અધિનિયમ-22

(74) ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા કયા પરીક્ષા વિનિયમોથી અમલમાં છે ?

(A) માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમો 1975
(B) ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમ 1977
(C) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમ 2005
(D) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમ 2019

(75) કામના કલાકો અને અધ્યાપકીય સ્ટાફની હાજરી બાબતે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ-1974 માં કયા વિનિયમ હેઠળ જોગવાઈ થયેલ છે ?

(A) વિનિયમ-29
(B) વિનિયમ-28
(C) વિનિયમ-30
(D) વિનિયમ-27

(76) ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ-1974 નો અમલ કયારે શરૂ થયો ?

(A) 1 લી જૂન 1976
(B) 16 મી માર્ચ 1974
(C) 1 લી જૂન 1974
(D) 16 મી માર્ચ 1975

(77) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં ચોથા વર્ગના કર્મચારીની નિમણુંક કરવાની સત્તા કોણ ધરાવે છે ?

(A) સેક્રેટરી
(B) અધ્યક્ષ
(C) નાયબ અધ્યક્ષ
(D) મદદનીશ સેક્રેટરી

(78) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં કારોબારી સમિતિ કેટલા સભ્યોની બનેલી હોય છે ?

(A) પંદર
(B) છ
(C) પાંચ
(D) દસ

(79) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સ્ટોર્સ અને હિસાબ નિયંત્રક કઈ સમિતિના સભ્ય સચિવ હોય છે ?

(A) શૈક્ષણિક સમિતિ
(B) અભ્યાસ સમિતિ
(C) નાણાં સમિતિ
(D) પરીક્ષા સમિતિ

(80) ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ-1974 ના કયા વિનિયમ મુજબ અધ્યાપકીય સ્ટાફ ખાનગી ટ્યૂશન કરી શકે નહી ?

(A) વિનિયમ-32
(B) વિનિયમ-31
(C) વિનિયમ-34
(D) વિનિયમ-35

(81) શાળા છોડ્યા અંગેના પ્રમાણપત્રમાંની નોંધો ટાઈપ કરેલી નહિ પણ શાહીથી હાથે લખેલી હોવી જોઈએ ગ્રાન્ટ ઇન એઇડ કોડ 1964 ના કયા નિયમ હેઠળ આવી જોગવાઈ થયેલ છે ?

(A) નિયમ-33
(B) નિયમ-34
(C) નિયમ-32
(D) નિયમ-29

(82) બીજા રાજયમાંથી આવનાર વિદ્યાર્થિઓના શાળા છોડ્યા અંગેના પ્રમાણપત્ર પર જે તે રાજયના ______ એ સામે સહી કરી હોય તો જ તેને પ્રવેશ આપી શકાય.

(A) શિક્ષણમંત્રીએ
(B) શિક્ષણ સચિવ
(C) શિક્ષણ અધિકારીએ
(D) ગૃહમંત્રી

(83) બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે 6 થી 30 વર્ગ સુધીની શાળાઓને માસિક કેટલી નિભાવ ગ્રાન્ટ મળવાપાત્ર છે ?

(A) 1650 ₹
(B) 2500 ₹
(C) 3000 ₹
(D) 2400 ₹

(84) ગ્રાન્ટ ઇન એક્ટ કોડ-1964 ના કયા નિયમમાં ગ્રાન્ટ માટે સરાસરી હાજરીની જોગવાઈ છે ?

(A) નિયમ-95 (B) નિયમ-96

(C) નિયમ-88 (D) નિયમ-91

(85) શાળા છોડ્યા અંગેનું પ્રમાણપત્રનો નિયત નમૂનો કયા પરિશિષ્ટથી નક્કી થયેલ છે ?

(A) પરિશિષ્ટ-7 (B) પરિશિષ્ટ-4

(C) પરિશિષ્ટ-3 (D) પરિશિષ્ટ-2

(86) ગ્રાન્ટ ઇન એઇડ કોડ 1964 ના કયા નિયમ મુજબ વિદ્યાર્થીઓનું આરોગ્ય અને શારીરિક તંદુરસ્તી માટેની જોગવાઈ થયેલ છે ?

(A) નિયમ-43 (B) નિયમ-35

(C) નિયમ-44 (D) નિયમ-38

(87) રહેવાની સગવડો સાથેની અને કોઈ એક બુનિયાદી ઉદ્યોગ શિખવતી ઉત્તર બુનિયાદી શાળા એટલે _______

(A) લોકશાળા (B) વ્યાવસાયિક હાઈસ્કૂલ

(C) વિવિધલક્ષી હાઈસ્કૂલ (D) સહશિક્ષણ શાળા

(88) નામ અથવા સંચાલક મંડળમાં ફેરફાર કરવાની અરજી સૂચિત ફેરફારની તારીખથી કેટલા સમય પહેલાં જિલ્લાશિક્ષણ અધિકારીને કરવાની હોય છે ?

(A) પંદર દિવસ (B) ચાર મહિના

(C) છ મહિના (D) ત્રણ મહિના

(89) "શાળા સંચાલક મંડળ જિલ્લાશિક્ષણ અધિકારીની પૂર્વ પરવાનગી વિના માન્ય ધોરણ કે વર્ગોમાં ઘટાડો કરી શકશે નહિ" ગ્રાન્ટ ઇન એઇડ કોડ-1964 ના કયા નિયમ હેઠળ આવી જોગવાઈ થયેલ છે ?

(A) નિયમ-5.1 (B) નિયમ-5.3

(C) નિયમ-5.4 (D) નિયમ-4.1

(90) બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જે તે ધોરણ નો વધારાનો વર્ગ મંજૂર કરવા ગ્રામ્ય વિસ્તાર માટે રજીસ્ટર્ડ વિદ્યાર્થીઓની (લઘુત્તમ) સંખ્યા કેટલી હોવી જોઈએ ?

(A) 24 (B) 60

(C) 36 (D) 33

(91) સમગ્ર નોકરી દરમિયાન રૂપાંતરિત રજાની મર્યાદા વધુમાં વધુ કેટલા દિવસની હોય છે ?

(A) 180 (B) 240

(C) 300 (D) 120

(92) સહાયક અનુદાન નિયમ સંગ્રહ-1964 ના કયા નિયમની જોગવાઈ હેઠળ કર્મચારી નીમવા યોગ્ય છે તેવુ દાક્તરી પ્રમાણપત્ર મેળવવું જરૂરી બને છે ?

(A) નિયમ-61 (B) નિયમ-64.4

(C) નિયમ-64.2 (D) નિયમ-65

(93) 8 વર્ગથી ઓછા વર્ગવાળી શાળામાં કેટલા સુપરવાઈઝરની નિમણુંક કરી શકાય ?

(A) એક (B) બે

(C) સંચાલકથી ઈચ્છે તેટલા (D) શૂન્ય

(94) બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં વિદ્યાર્થી સંખ્યા 1401 થી 2000 સુધીની હોય તો તે શાળામાં હેડક્લાર્કનું સંખ્યાબળ કેટલું હોય ?

(A) 1 (B) 2

(C) 3 (D) 4

(95) ગ્રાન્ટ ઇન એઇડ કોડ-1964 ના કયા નિયમ હેઠળ 'શારીરિક શિક્ષા' બાબત જોગવાઈ થયેલ છે ?

(A) નિયમ-78.1 (B) નિયમ-79

(C) નિયમ-70 (D) નિયમ-75.1

(96) ગ્રાન્ટ ઇન એઇડ કોડ-1964 ના નિયમ 22.3 મુજબ શાળામાં કેટલી છોકરીઓની સંખ્યાએ એક શિક્ષિકાની જોગવાઈ છે ?

(A) 50 (B) 25

(C) 30 (D) 40

(97) ગંભીર વર્તણુંક માટે દોષિત વિદ્યાર્થીને સમગ્ર રાજ્યની કોઈપણ શાળામાં પ્રવેશ ન આપવાનો નિર્ણય કરવાની સત્તા કોણ ધરાવે છે ?

(A) શિક્ષણ નિયામક (B) જિલ્લા શિક્ષણાધિકારી

(C) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી (D) માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષ

(98) જુનિયર ક્લાર્ક તરીકે બઢતી મેળવવા માટે શૈક્ષણિક લાયકાત ઉપરાંત પટાવાળા તરીકે કેટલા વર્ષની સળંગ નોકરી હોવી જરૂરી છે ?

(A) દસ વર્ષ (B) પાંચ વર્ષ

(C) ત્રણ વર્ષ (D) છ વર્ષ

(99) "શાળાના વહીવટી ટ્રસ્ટીથી મદદનીશ શિક્ષક તરીકે કે શાળાના વડાની તાબાની બીજી કોઈ જગ્યામાં નોકરી કરી શકાશે નહિ" આવી જોગવાઈ ગ્રાન્ટ ઇન એઇડ કોડ-1964 ની કઈ કલમથી થયેલ છે ?

(A) 61.4 (B) 58.2

(C) 59.2 (D) 61.2

(100) નવી વર્ધિત પેન્શન યોજનાનો અમલ ક્યારથી કરવામાં આવેલ છે ?

(A) 01 / 04 / 2005 (B) 04 / 01 / 2005

(C) 01 / 06 / 2006 (D) 01 / 04 / 2006

## SPACE FOR ROUGH WORK

**SPACE FOR ROUGH WORK**

**પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરિક્ષાખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**